ગાંધીનગરના પંથકના ખેતરોએ લીલી ચાદર ઓઢી



## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે કસુંબી ઘટાના હિંડોળા યોજાશે.

● મહિલા સશકિતકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત મહિલા આરોગ્ય દિવસની ઉજવણી કરાશે.

**- દિલીપ પ્રજાપતિ**
9725647197

# સરકાર યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળ : યુવક કોંગ્રેસ

**યુથ કોંગ્રેસ ગાંધીનગરે ઘ-૨ સર્કલ પાસેથી રેલી યોજી : કલેકટરે આવેદનપત્ર પાઠવ્યું : પોલીસ અને કાર્યકરો વચ્ચે ચકમક ઝરી**

ગાંધીનગર, તા.૪

રાજયમાં શિક્ષિત બેરોજગારો ખુબ જ વધી રહ્યા છે. સરકાર યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળ નીવડી છે ત્યારે યુથ કોંગ્રેસ ગાંધીનગર દ્વારા આજે રેલી કાઢવામાં આવી હતી.



કલેકટરને સરકારની નિષ્ફળતાઓ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પોલીસ અને કાર્યકરો વચ્ચે ચડભડ જોવા મળી હતી.

આજે મંગળવારે બપોરે યુથ કોંગ્રેસે ઘ-૨ સર્કલ ખાતેથી સરકારની નિષ્ફળતાઓના વિરોધમાં રેલી યોજી હતી. યુથ કોંગ્રેસના ૨૦૦ કાર્યકરોએ યુથ કોંગ્રેસ ઝિંદાબાદ ના નારા લગાવતા લગાવતા રોડને ગજવી નાખ્યો હતો. રેલી ઘ-૩ સર્કલ પાસે પહોંચતા પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું.

પુલીસ કે બલ પે યે સરકાર નહિ ચલેગી...નહિ ચલેગી... યુવાનોને રોજગારી આપે ભાજપ સરકાર... ભાજપ સરકાર.. જેવા સુત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું હતું.

ગુજરાત એનએસયુઆઈ મહામંત્રી અંકિત બારોટે જણાવ્યું હતું કે રાજયના યુવાનો કાળી મજુરી કરીને મોંઘો અભ્યાસ કરે છે. પરંતુ આ યુવાનોનું ભાવિ ઉજાસમય બનવાની જગ્યાએ અંધકારમય બની રહ્યું છે. આજે લાખ્ખો યુવાનો ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રોજગારી માટે ફાંફાં મારે છે.

રાજય સરકાર ગુજરાતમાં ઉદ્યોગો લાવવા માટે કિંમતી જમીનો પાણીના ભાવે આપી રહી છે. યુવાનોના મત મેળવવા કંપનીઓની ગણતરી આંગળીના વેઢે કરાવી રોજગારી આપવામાં આવશે તેવી જાહેરાતો કરી છેતરવામાં આવી રહ્યા છે.

તલાટી ભરતી, જીપીએસસી અને યુપીએસસી પરીક્ષાઓમાં ગેરરીતી આચરી યુવાનોને રોજગારીથી વંચિત રાખી વ્હાલા દવલાની નીતિ રાખી ભરતી કરવામાં આવે છે. જો સરકાર યુવાનોને આગામી સમયમાં રોજગારી આપવામાં નિષ્ફળ નીવડશે તો યુવક કોંગ્રેસ ગાંધીનગરમાં વિધાસભાનો ઘેરાવ કરશે.

### રેલી રોકવા પોલીસે બોલેરો કાર્યકરો ઉપર નાખી

ઘ-૨ સર્કલ પાસેથી યુથ કોંગ્રેસે સુત્રોચ્ચાર સાથે રેલીનું પ્રસ્થાન કર્યું હતું. રેલી સે-૬/૭ બસ સ્ટેન્ડ પાસે પહોંચતા પોલીસની બોલેરો કારના ડ્રાઈવરે કાર્યકરોને રોકવા માટે બોલેરો કાર ઉપર નાખી હતી છતાં પણ કાર્યકરો પોલીસના તાબે થયા ન હતા.

### પ્રાઈવેટ ઈકો કારનો ઉપયોગ કર્યો

રેલી બાદ ઘ-૩ સર્કલ પાસે સુત્રોચ્ચાર કરતા યુથ કોંગ્રેસના ૧૫૦ જેટલા કાર્યકરોને પોલીસે વાનમાં બેસાડી પોલીસ સ્ટેશન લઈ ગઈ. બોલેરો, પોલીસ વાન ભરાઈ જવાથી પ્રાઈવેટ ઈકોકારમાં બેસાડી કાર્યકરોને લઈ જવામાં આવ્યા.

### પોલીસ બોલેરો કારમાં આગેવાનોને લઈ ગઈ



ગાંધીનગર, તા.૪

યુથ કોંગ્રેસના આગેવાનો જયદિપસિંહ ઠાકોર, અંકિત બારોટ, જીતુ રાયકા, નિખિલ સિંઘાનીયા, હર્ષજીત પંડયા, જયરાજસિંહ વાઘેલા, ભાવેશ દેસાઈ, રવિ રૂપાણી અને રાજેન્દ્રસિંહ ચાવડાને પોલીસ બોલેરો કારમાં બેસાડી કલેકટર કચેરી આવેદનપત્ર આપવા માટે લઈ ગઈ.

## વાતવાતમાં

● સવારે ૧૦ વાગ્યાના સુમારે રોડ નં. ૩ પર સે-૧૨ની સામે એક દાદા તેમના પૌત્રને નર્સરી સ્કુલમાં મુકવા સ્કુટર પર લઈ જતા હતા ત્યારે રસ્તામાં કુતરું આવી જવાથી સ્લીપ થઈ ગયા હતા. સદનસીબે બાળકને કોઈ ઈજા થઈ નહોતી પરંતુ તેના દાદાને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● ઈન્ફોસીટીમાં વડાપાઉંની દુકાનેથી ખરીદી કર્યા બાદ એક ગ્રાહકને તેનો મોબાઈલ ના જડતા આખી દુકાન ફેંદાવડાવી હતી. અંતે તેમનો મોબાઈલ તેમના નાસ્તાની થેલીમાંથી જ મળતા રાહતનો દમ લીધો હતો.

● ચ-૨ સર્કલ વધુ એકવાર તુટી ગયું છે અને કેટલાક દિવસથી તેની તુટેલી રેલીંગ તેમજ ઉખડેલા પત્થરો વાહનોને નડતરરૂપ થાય તે રીતે પડયાં છે. સર્કલ ભલે અકસ્માતથી તુટયું પરંતુ તેનું સમારકામ કરવામાં થતી ઢીલ કયાંક બીજો અકસ્માત ન સર્જે તે જરુરી છે.

● ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળની આજે જનરલ મીટીંગ યોજાઈ હતી. જેમાં જગદીશભાઈ ચાવડાની પ્રમુખપદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

**- સમીર રામી**
9924446645

## પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૪

તાજેતરમાં યોજાયેલ જિલ્લા કક્ષાની સ્વીમીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના હર્ષદ પરમારે ૫૦ મી. ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ મી. ફ્રી



સ્ટાઈલ અન્ડર ૧૭માં પ્રથમ નંબરે આવી વિજેતા બન્યો હતો અને શાળાનું ગૌરવ વધાર્યું હતું. હવે આ વિદ્યાર્થી રાજયકક્ષાએ પસંદગી પામ્યો છે. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા સાહેબ તથા નરેશભાઈ શાહ સાહેબ તથા આચાર્ય મનિષભાઈ ખત્રીએ તેમજ સમગ્ર પ્રેરણા પરિવાર વતી આ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

# સે-૪માં વધુ એક મહિલાના ગળામાંથી દોરાની લુંટ

**બ્લેક બાઈક પર આવેલો શખ્સ ચાલતી જતી મહિલાનો અઢી તોલાનો દોરો ઝુંટવી ફરાર**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરનું સેકટર-૪ ચેઈન સ્નેચર્સ માટે હોટ ફેવરીટ બની રહ્યું હોવાનું લાગી રહ્યું છે. અગાઉ પણ સે-૪ આસપાસ ઘણા ચેઈન સ્નેચીંગ થયાના દાખલા છે અને ગત અઠવાડીયે પણ એક દોરો ખેંચાયો હતો. ત્યારે આજે બપોરે વધુ એક ચાલતી જતી મહિલાના ગળામાંથી અઢી તોલાનો દોરો ઝુંટવી બાઈક પર આવેલો એક શખ્સ ફરાર થઈ ગયો હતો. સે-૭ પોલીસે લુંટનો ગુનો નોંધીને ઊંડી તપાસ શરુ કરી છે.

શહેરના સે-૪-એ પ્લોટ નં. ૧૦૨૭/૧ ખાતે રહેતા જનકબા રતનસિંહ વાઘેલા આજે બપોરે અઢી વાગ્યાના સુમારે ચાલતા જઈ રહ્યા હતા. જનકબા પ્લોટ નં. ૧૯૭૪/૧ સામે પહોંચ્યા ત્યાં બ્લેક બાઈક પર એક અજાણ્યો શખ્સ તેમની નજીક આવ્યો અને ગળામાં ઝુંટ મારીને અઢી તોલા વજનનો કિંમતી સોનાનો દોરો લુંટી લીધો હતો. જનકબા કંઈ સમજે તે પહેલા જ બાઈક પર તે શખ્સ રફુ ચક્કર થઈ ગયો હતો. જનકબા વાઘેલાએ પોલીસને જાણ કરતાં સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એમ.પી.ચૌહાણે લુંટનો ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# પેથાપુરમાં મોડી સવાર સુધી ચાલુ રહેતી સ્ટ્રીટ લાઈટ

**વિજળી બચાવવામાં તંત્રને કોઈ જ રસ નથી : સવારે છ વાગ્યે બંધ થવી જોઈએ તે લાઈટો દિવસે પણ ચાલુ**

ગાંધીનગર, તા.૪

પાટનગરની બગલમાં આવેલ પેથાપુરમાં સવારે નવ વાગ્યા સુધી સ્ટ્રીટ લાઈટો ચાલુ જોવા મળી રહી છે. સામાન્ય નાગરિકોને વિજળીનો વ્યય થતો દેખાઈ રહ્યો છે. પાલિકાનાં આંખે પાટા બાંધ્યા હોય તેમ નજર આવતી નથી.

પેથાપુર નગરપાલિકા તંત્ર સંપૂર્ણ ખાડે ગયું છે. શહેરની સમસ્યાઓ ઓછી થવાની જગ્યાએ દિવસે દિવસે કરોળિયા જેવા જાળા બાંધી રહી છે. શહેરમાં ઉજાસ પાથરવા માટે નાંખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટ સવારે છ વાગ્યાની જગ્યાએ નવ વાગ્યા સુધી ચાલુ જોવા મળી રહી છે.

સામાન્ય માણસોની નજરમાં વિજળી વેડફાતી જોવા મળી રહી છે. પરંતુ પાલિકાના આંખે જાણે કાળી પટ્ટી બંધાઈ હોય તેમ એક પણ અધિકારીને વીજળીનો વ્યય દેખાતો નથી. શહેરના જાગૃત નાગરિકો દ્વારા રજૂઆતો કરવામાં આવી છે. છતા તંત્રનો કર્મચારી બે કલાક વધુ વિજળી બળતી બચાવી શકતો નથી.

પેથાપુર એક સમય માટે સ્ટેટનો દરજ્જો ધરાવતું હતું. પરંતુ તંત્રની ઉદાસીનતા સામે આ નગરની હાલત દયનીય બની ગઈ છે. પેથાપુરમાં રસ્તાઓની રામાયણ પહેલાથી જ છે. ગટરોની દુર્ગંધથી દરેક પેથાપુરવાસી વાકેફ છે. ત્યારે આ લાઈટો સ્ટેટ સમયની નગરીને આર્થિક રીતે ઉજ્જડ બનાવી દે છે.

ભારત દેશના અનેક ગામડામાં હજુ પ્રકાશનું કિરણ પણ પહોંચી શકયું નથી. ગામમાં વિજળીનો થાંભલો નાખવામાં આવતા જ હર્ષની છોળો ઉડે છે ત્યારે પેથાપુરમાં વિજળી પાણીની જેમ વપરાઈ રહી છે. તંત્રને તો કયાં ખબર છે કે જયાં વિજળી પહોંચી નથી ત્યાં શું સ્થિતિ હશે.

ગામની સ્ટ્રીટ લાઈટો સમયસર ચાલુ અને બંધ થાય તેવું જાગૃત નાગરિકો ઈચ્છી રહ્યા છે. એવી ચિંતા પણ કરી રહ્યા છે કે જો તંત્ર આ બાબતે ગંભીર નહિ બને તો રહીશોના ખિસ્સા ચોકકસ ખાલી થશે.

# ગાંધીનગર પંથકના ખેતરોએ લીલી ચાદર ઓઢી

**સારા વરસાદે વાવેતર સોળે કલાએ ખીલી ઉઠ્યુ, ઘાસ પણ ઉગી નીકળતા સર્વત્ર હરીયાળી છવાઈ**

ગાંધીનગર, તા. ૪

મેઘરાજાએ મોડી પણ મન મુકીને મહેર કરતાં ગાંધીનગર પંથકના ખેતરોમાં થયેલા વાવેતરને જીવનદાન મળી ગયું હતું. સતત ચાર થી પાંચ દિવસની વરસાદી હેલી પછી ઉઘાડ નીકળતા થયેલું વાવેતર વિકાસ પામ્યું છે. જે કારણે ખેતરો લીલા છમ્મ ભાસી રહ્યા છે. વધુમાં આપમેળે ઉગી



નીકળતાં ઘાસનો પણ ખેતરમાં સથવારો ઉભો થતાં લીલી છમ્મ ચાદર ઓઢી હોય તેવો નજારો જણાઈ રહ્યો છે. જો કે વધુ વરસાદે કેટલાક પાકો નિષ્ફળ પણ ગયા છે તો ચોમાસુ વાવેતરના કેટલાક પાકોને યોગ્ય પોષણ મળી રહેતા ખીલી ઉઠ્યા છે. જેથી ખેડૂતોમાં કભી ખુશી કભી ગમનો માહોલ સર્જાયો છે.

ગાંધીનગર પંથકના પેથાપુર, રાંધેજા, રૂપાલ, સરઢવ, વાસણીયા મહાદેવ, બાલવા, કોલવડા, વાવોલ, ચિલોડા, છાલા, ચંદ્રાલા, ડભોડા, ઈશનપુર તથા અનેક ગામોના ખેતરોમાં હાલ થયેલા વરસાદથી પાકો લહેરાઈ રહ્યા છે. ચોમાસુ વાવેતરમાં મકાઈ, મગફળી, ગવાર, જુવાર, બાજરી, કપાસ, અડદ, મગ, તુવેર અને ડાંગર જેવા પાકોનું મબલખ વાવેતર કરાયું છે. સતત વરસેલા વરસાદથી મુંધઝરાતા પાકોને જીવતદાન મળી જતાં પુર્ણ પણે વિકસીત બન્યા છે. ખેડૂત વર્ગ પણ પોતાના અમુલ્ય પાકોના જતન માટે રાત-દિવસ એક કરી રહ્યા છે. ભારે વરસાદ પછીના ઉઘાડથી આ પાકો સોળે કળાએ ખીલી ઉઠ્યા છે. અને ચોતરફ લીલાછમ્મ ભાસી રહ્યા છે. જો કે વરસાદની અપેક્ષાએ વહેલા થઈ ગયેલા વાવેતરમાં ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે જેથી કેટલાક ખેડૂતોને ભારે નુકસાન સહન કરવુ પડ્યું છે. માર્ગોની આજુબાજુના ખેતરોમાં લીલો છમ્મ કુદરતી નજારો પસાર થતા વાહનચાલકોના મન મોહી લે છે. ખેતરોમાં થયેલા વાવેતરની સાથે લીલુ ઘાસ પણ ઉગી નીકળતા ખેતરની આજુબાજુ સહિતનો તમામ વિસ્તાર લીલી ચાદર ઓઢી હોય તેવો દશ્યમાન થઈ રહ્યો છે.

ઠેર ઠેર ઉગી નીકળેલા લીલા ઘાસથી પશુઓને ઘાસચારો મળ્યો છે જેથી દુધાળા પશુઓ થકી પણ ખેડૂતોને શ્રેષ્ઠ વળતર પ્રાપ્ત બન્યુ છે. જો કે કઠોળ જેવા પાકો વધુ વરસાદે બગડી જઈ ફુગજન્ય બન્યા છે તેથી ખેડૂતોને નુકસાન થયુ છે. જ્યારે ડાંગર, જુવાર, ગવાર, બાજરી જેવા પાકોનું મબલખ ઉત્પાદન થવાની અપેક્ષા રખાઈ છે. છતાં પણ કુદરતની સમયસરની મહેરથી અનેક જીવો અને પાકોનું રક્ષણ થયું છે.

**(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)**

# કે.કે. પટેલ વિદ્યાલયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

કોલવડામાં આવેલ કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમા અને જયા પાર્વતી વ્રત અંતર્ગત શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મહેંદી સ્પર્ધા અને કેશ ગુંફન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં



૮૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બની હતી. પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનારને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રવિણાબેન પ્રજાપતિએ કર્યું હતુ અને આચાર્યા ભાવનાબા એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

## અવસાન નોંધ

સ્વર્ગસ્થ ગોવિંદભાઈ નટવરલાલ સુથારનું બેસણું તા. ૬ ઓગષ્ટ ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૭ કોમ્યુનિટી હોલ ખાતે રાખેલ છે.

# નગરની પહેલી વસાહતની ગોઠડી આજે વર્ષો પછી એટલી જ જીવંત છે

**સે-૧૬માં ૭૦ના દાયકામાં વસતા રહીશો આજે વર્ષો પછી પણ નિયમિત પણે દરરોજ રાત્રે મળે છે : ૨૦ વર્ષથી સેકટર છોડયા બાદ પણ બગીચામાં બેસવા જવાનો નિયમ તોડયો નથી : સે-૧૬ સાથે નગરની અઢળક યાદો વણાયેલી છે**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની રચના થયાને અડધી સદી વીતી જવા પામી છે અને આ શહેરે માત્ર પાટનગરનું બિરૂદ તેની ઓળખ તરીકે પ્રસ્થાપિત કરવાને બદલે એક સંવેદનશીલ નગર તરીકે પણ ખૂબ કાઠુ કાઢયું છે. આ નગરના પ્રારંભના તબક્કાના સાક્ષીઓ આજે પણ નગરની કાયાપલટને પોતાની નજર સમક્ષ જોઈ હરખાઈ રહ્યાં છે. સે-૧૬ના શોપીંગ સેન્ટર સામે આવેલા ત્રિકોણીયા બગીચામાં વર્ષોથી એક વડીલવૃંદ નિયમિતપણે દરરોજ રાત્રે મળે છે જેમની આંખોમાં આજે પણ જુની યાદોના સંભારણા તાજા જ છે.

સેકટર-૧૬માં ૭૦ના દાયકામાં ૩૩૦ પરિવાર વસવાટ કરતા હતા. આ સમય એવો હતો જયારે નગરમાં ખરીદી કરવા કોઈ શોપીંગ સેન્ટર નહોતુ, મનોરંજન માટે કોઈ થીએટર કે રંગમંચ ન હતો. અરે રસ્તા પર સ્ટ્રીટલાઈટ પણ નહોતી. રાત્રિના સમયે નગરમાં માત્ર સુનકાર છવાયેલો રહેતો હતો. આ પરિસ્થિતિમાં પણ આ પરિવારોએ એકબીજા પ્રત્યે એટલી આત્મીયતા કેળવી હતી કે ગાંધીનગરની સૌ પ્રથમ નવરાત્રિ મહોત્સવ સેકટર-૧૬માં યોજાયો હતો. આ નવરાત્રિના પ્રથમ દિવસે મુખ્ય મહેમાન તરીકે રાજયપાલના સલાહકાર કે.પી. સતારાવાલા આવ્યા હતા. સતારાવાલાએ અગ્રણી રહીશ અરૂણભાઈ બુચને પુછયું કે નગરમાં શું ખુટે છે? અરૂણભાઈએ તુરંત જ કહ્યું કે 'સાહેબ આ નગરમાં નથી મરવાની જગ્યા કે નથી મનોરંજનનું સ્થળ.' અત્રે ઉલ્લેખનીય છે કે તે સમયે નગરમાં સ્મશાન પણ નહોતુ અને કોઈ મૃત્યુ પામે તો અગ્નિ સંસ્કાર કરવા છેક પેથાપુર લઈ જવું પડતું હતું. સત્તાવાળાએ બીજા જ દિવસે સે-૧૬માં રંગમંચ બનવવાનું મંજુર કર્યું હતું જેનું ઉદઘાટન મુખ્યમંત્રી ચીમભાઈ પટેલે કર્યું હતું.

નગરનો પહેલો વન મહોત્સવ પણ સે-૧૬માં ઉજવાયો હતો જેમાં આ વસાહતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તે



સમયના મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈની ઉપસ્થિતિમાં પ્રાથમિક શાળાના કંપાઉન્ડમાં ૬૬૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. નગરની પહેલી સ્ટ્રીટ લાઈટ પણ સે-૧૬માં આવી હતી અને પહેલી પોસ્ટઓફિસ પણ. આ સેકટરમાં નગરજનોની ખરીદી માટે ખાદી ભવનનું ઉદઘાટન કરાયું હતું. જેના સમારંભમાં પૂ. રવિશંકર મહારાજ, સરદાર પટેલના પુત્રી મણીબેન, રાજયપાલ શ્રીમન નારાયન તથા તેમના પત્નિ મદાલસા નારાયન, શિક્ષણમંત્રી વજુભાઈ શાહ અને અરૂણભાઈ બુચની ઉપસ્થિતિ હતી.

૧૯૭૦માં સે-૧૬માં નગરનું સૌથી પહેલું વસાહત મંડળ સ્થપાયું ત્યાર બાદ એક જ વર્ષમાં બીજા વસાહત મંડળોની સ્થાપના કરાઈ. ૧૯૭૧માં આ તમામ વસાહત મંડળોને જોડી શહેર વસાહત મહામંડળ રચાયું.

આવી તો કંઈક કેટલીયે યાદો આ સેકટરના રહીશોના માનસ પટ પર છવાયેલી છે. તે સમયથી સદા અગ્રેસર રહેલા અરૂણભાઈ તેમના ૧૯૭૦ થી ૧૯૯૫ સુધીના ૨૫ વર્ષના લાંબા વસવાટ બાદ સે-૨૦માં રહેવા ગયા. આજે એ વાતને ૨૦ વર્ષના વ્હાણાં વહી જવા છતાં દરરોજ નિયમિત પણે ૮૦ વર્ષની ઉંમરે ગરમી, ઠંડી કે વરસાદ કોઈ પણ મૌસમ હોય અરૂણભાઈ એક પણ દિવસ ચુકયાં વગર સે-૧૬ના બગીચામાં રાત્રે ૯ થી ૧૦ દરમિયાન બેસવા અચુક જાય છે અને તે એકલા જ નહી પંરતુ તેમની સાથેના આ સેકટરના અન્ય વસાહતીઓ જે બીજા સેકટરોમાં કે અન્ય સ્થળે રહેવા ગયા છે અને જીવનની ૬૫-૭૦ વસંત પાર કરી ચૂકયાં છે તેઓ પણ દરરોજ રાત્રે બગીચામાં આવીને બેસે છે. આ વડીલોમાં મહાવીરસિંહ ગોહિલ, સૂર્યકાન્ત બારોટ, જશુભાઈ ઠકકર, ચંદુજી ઠાકોર, અમરસિંહ ગોલ, મહેન્દ્ર શ્રીમાળી, કૃષ્ણકાંત દિક્ષિત, અશોક પોપટ, નીતિન પોપટ, દિપકભાઈ સોણેસરા અને પંકજ શુકલ વગેરેનો સમાવેશ થાય છે. આ વડીલો વચ્ચે આજે પણ આત્મીયતાનો એવો નાતો બંધાયેલો છે કે દરરોજ આ સેકટરની માટીની મહેંક માણવા અચુક આવે છે હવે આ વડીલોની ત્રીજી પેઢી પણ યુવાન થઈ ચુકી છે અને આ યુવાનોએ સેકટરના જુના ૩૩૦ પરિવારોને નજીકના ભવિષ્યમાં એકત્ર કરી સંસ્મરણો વાગોળવાનો કાર્યક્રમ યોજવાનું બીડું ઝડપ્યું છે.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

# નવ નિયુકત ગાંધીનગર શહેર કોંગ્રેસ ડૉ.કૌશિક શાહ ગુરુવારે પદભાર સંભાળશે

**ડૉ. શાહ ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ રહી ચૂકયા છે**

ગાંધીનગર, તા.૪

પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ડૉ.કૌશિક શાહની વરણી કરવામાં આવી છે. ડૉ. શાહ આગામી ગુરુવારે શુભ મૂર્હતમાં પદભાર સંભાળશે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલના અનુગામી તરીકે ડૉ.કૌશિકભાઈ શાહની વરણી કરવામાં આવી છે. ડૉ. શાહ ૬ ઓગષ્ટ ગુરુવાર સવારે ૧૦-૦૦ વાગે સેકટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળશે. ડૉ. શાહ મૂળ ગાંધીનગર જિલ્લાના સાદરા ગામના વતની છે. અને હાલ સેકટર-૨૬માં રહે છે. તેઓ ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પણ રહી ચુકયા છે. હાલમાં ચિલોડા મોટા ખાતે ક્રિષ્ના કિલનીક ધરાવે છે.

પૂર્વ શહેર પ્રમુખ, શહેર સમિતિના હોદ્દેદારો, એનએસયુઆઈ, યુવક કોંગ્રેસ, સેવાદળ, મહિલા કોંગ્રેસ વોર્ડ પ્રમુખો સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી નિશિત વ્યાસ, પ્રવકતા હિમાંશુ પટેલ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, સી.જે.ચાવડા, જશુભા રાણા, વિક્રમસિંહ ખાચર, મુકેશભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના નિરિક્ષક અશ્વિનભાઈ પરમાર અને અમિતભાઈ ચૌધરી તથા પ્રભારી શ્રીમતી માયાબેન દવે વિશેષ ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન ચુનીલાલ ગોહેલ, ઉ.વ. ૭૦, બ્લોક નં. ૧૦૬/૪, છ ટાઈપ, સેકટર-૯, ગાંધીનગર.
- સ્વ. ભીખાભાઈ કરશનભાઈ દંતાણી, ઉ.વ.૭૫, સેકટર-૨૨, રંગમંચ સામે છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ભેમાભાઈ કાળીદાસ સાધુ, ઉ.વ.૫૬, જીઈબી કોલોની, ટાઈપ-૩, ૫૫/૧, ગાંધીનગર.